# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 6 | સામાજિક વિજ્ઞાન | જાન્યુઆરી, 2021

સમય - 1 કલાક | કુલ ગુણ – 25

**[અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ (Learning Outcome)]**

અ. નિ. પ્રાચીનકાળના વિવિધ ધર્મોના વિચારો અને મૂલ્યોનું વિશ્લેષણ કરે છે.

પ્રશ્ન–1 મહાવીર સ્વામીએ આપેલા પાંચ વ્રતોનાં નામ જણાવો. તમને કયા બે વ્રત સૌથી વધુ ગમે છે? શા માટે? (5)

અ. નિ. મહત્વનાં રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત. મહાજનપદોની શાસન વ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્તવંશના સિક્કાઓ, પલ્લવવંશનાં રથમંદિરો.

પ્રશ્ન–2(અ) મૌર્યયુગના વહીવટીતંત્રનાં અંગો સમજાવો. (3)

પ્રશ્ન–2(બ) કલિંગના શિલાલેખમાં રાજા અશોકે શું લખાવ્યું છે? (2)

અ. નિ. મહત્વનાં રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત. મહાજનપદોની શાસન વ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્તવંશના સિક્કાઓ, પલ્લવ વંશનાં રથમંદિરો.

**પ્રશ્ન–3 નીચે 'અ' વિભાગની વિગતો 'બ' બિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.** **(5)**

| 'અ' | 'બ' |
|---|---|
| 1. સમ્રાટ સમુદ્રગુપ્ત | a. નાલંદા વિદ્યાપીઠની સ્થાપના |
| 2. કુમાર ગુપ્ત પહેલો | b. ગુપ્તયુગનો સુવર્ણયુગ |
| 3. સમ્રાટ વિક્રમાદિત્ય | c. ગુપ્ત સામ્રાજ્યની મહત્તાનો સર્જક |
| 4. સમ્રાટ હર્ષવર્ધન | d. દક્ષિણપથના સ્વામીનું બિરુદ |
| 5. બાણભટ્ટ | e. અન્ય દેશો સાથે મૈત્રીસંબંધો |
| | f. 'હર્ષચરિતમ્' ના લેખક |

અ.નિ. ભારતના નકશામાં સ્થાન, સીમા, વિસ્તાર, પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, નદીઓ, રણપ્રદેશો વગેરે જેવી ભૌગોલિક લાક્ષણિકતાઓ દર્શાવે છે.

**પ્રશ્ન–4 (અ)** પર્વતોના કોઈપણ ત્રણ પ્રકાર જણાવી તેની એક લાક્ષણિક્તા અને એક ઉદાહરણ જણાવો. **(3)**

**પ્રશ્ન–4 (બ)** મેદાન અને ઉચ્ચપ્રદેશ વચ્ચેના તફાવતના બે-બે મુદ્દા લખો. **(2)**

અ.નિ. સ્થાનિક સ્તરે સરકારની ભૂમિકાનું વર્ણન કરે છે.

**પ્રશ્ન–5 (અ) ગ્રામપંચાયતનાં કોઇપણ ચાર કાર્યો લખો.** **(2)**

**પ્રશ્ન–5 (બ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્ય કે શબ્દમાં લખો.** **(3)**

1. તાલુકા પંચાયતના વહીવટી વડાને શું કહે છે?
2. ગ્રામ પંચાયતના વડાને શું કહે છે?
3. કઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના વડાને મેયર કહે છે?

# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ - 6** | **સામાજિક વિજ્ઞાન** | **ઓગષ્ટ, 2020**

**સમય - 1 કલાક** | **કુલ ગુણ -25**

**(અ. નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)**

અ. નિ. ઐતિહાસિક તથા સાહિત્યિક સ્રોતોને ઓળખી ઇતિહાસના પુનર્ગઠન માટે વિવિધ સ્રોતોના ઉપયોગનું વર્ણન કરે છે.

**પ્રશ્ન – 1 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. ઈતિહાસ જાણવાના સ્રોતોનાં નામ જણાવી કોઈ એક સ્રોત વિશે માહિતી આપો. (3)
2. પ્રાચીન સિક્કા પરથી ઇતિહાસની કઇ કઇ માહિતી જાણી શકાય ? (2)

અ.નિ. પ્રાચીન માનવ સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોને ઓળખી તેના વિકાસને સમજાવે છે.

**પ્રશ્ન – 2 માગ્યા મુજબ ઉત્તર આપો.**

(અ) નીચે આપેલ બાબતો વિશે હડપ્પીય સંસ્કૃતિની વિશેષતા બે-ત્રણ વાક્યમાં વર્ણવો. (3)

1. મકાન 2. રસ્તા 3. સ્નાનાગાર

(બ) લોથલ પ્રાચીન ભારતનું સમૃદ્ધ બંદર હશે એવું શાના આધારે કહી શકાય? (2)

અ.નિ. પ્રાચીન સમય દરમિયાનના વિકાસના તબક્કાઓ સમજી બે પ્રદેશના વિકાસની સરખામણી કરે છે. દા.ત. શિકાર-સંગ્રહ તબક્કો, ખેતીની શરૂઆતનો તબક્કો, સિંધુ સંસ્કૃતિનું પહેલું શહેર.

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. અગ્નિની શોધ પહેલાં આદિમાનવોનું જીવન કેવું હશે ? (2)
2. કૃષિની શોધના કારણે આદિમાનવના જીવનમાં આવેલ પરિવર્તનનું વર્ણન કરો. (3)

અ.નિ. તારા, ગ્રહો અને ઉપગ્રહો વચ્ચેનો તફાવત ઓળખે છે. દા.ત. સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર.

**પ્રશ્ન – 4 (અ) મને ઓળખો. હું કોણ છું ?** (3)

(1) હું દેખાવમાં પૃથ્વી જેવો ગ્રહ છું.
(2) હું તારાઓના સમૂહથી બનું છું.
(3) ગ્રહો મારી ફરતે ભ્રમણ કરે છે.

**પ્રશ્ન – 4 (બ) નીચેના પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં લખો** (2)

(1) ચંદ્રને પૃથ્વીની ફરતે એક આંટો પૂરો કરતાં કેટલો સમય લાગે છે ?
(2) સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર ત્રણેયમાં તારો કયો છે તે જણાવો.

અ.નિ. પૃથ્વીના ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ-રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતના પાડોશી દેશો, ભારતનાં રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે.

**પ્રશ્ન – 5 (અ) ખાલી જગ્યા પૂરો.** (2)

1. $0^\circ$ રેખાંશવૃત્તને .........................રેખા કહે છે.
2. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા ...........................રેખાંશવૃત્ત પર આવેલ છે.

**પ્રશ્ન – 5 (બ) પૃથ્વીનો ગોળો દોરી તેમાં નીચેની વિગતો દર્શાવો.** (3)

1. વિષુવવૃત્ત 2. કર્કવૃત્ત 3. મકરવૃત્ત 4. ઉત્તર ધ્રુવવૃત્ત 5. દક્ષિણ ધ્રુવ
6. રેખાંશવૃત્તો

સામયિક મૂલ્યાંકન કસોટી

| | | |
|---|---|---|
| ધોરણ - 6 | સામાજિક વિજ્ઞાન | ઓક્ટોબર, 2020 |
| સમય - 1 કલાક | | કુલ ગુણ - 25 |

(અ.નિ.- અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ. નિ. મહત્વના રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત. મહાજનપદોની શાસન વ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્તવંશના સિક્કાઓ, પલ્લવ વંશના રથમંદિરો.

**પ્રશ્ન – 1 (અ) ગણરાજ્ય એટલે શું ?** **(2)**

**પ્રશ્ન – 1 (બ) ગણરાજ્યોની શાસનવ્યવસ્થાનું વર્ણન કરો..** **(3)**

અ. નિ. ભારતના નકશામાં ઐતિહાસિક સ્થળો દર્શાવે છે.

**પ્રશ્ન – 2 ભારતના નક્શામાં નીચે આપેલ મહાજનપદ દર્શાવો.** **(5)**

1. કાશી 2. મત્સ્ય 3. અંગ 4. અવંતિ 5. કોસલ

અ.નિ. અક્ષાંશ-રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતના પાડોશી દેશો, ભારતના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે સમજે છે અને પૃથ્વીના ગોળા અને વિશ્વના નક્શા પર તેને દર્શાવે છે.

**પ્રશ્ન – 3 (અ) પૃથ્વી પર કેટલા આવરણો આવેલા છે ? કયા કયા ?** **(3)**

**પ્રશ્ન – 3 (બ) પૃથ્વી પર જલાવરણ ન હોત તો શું થાત ?** **(2)**

અ.નિ. પોતાની આસપાસની વિવિધતા તરફ સ્વસ્થ વલણ વિકસાવે છે.

**પ્રશ્ન – 4 વિવિધતાને ધ્યાને લેતા આપણા દેશમાં નાગરિકોને વિકાસની સમાન તક મળે તે માટે કયા પ્રયાસો કરવામાં આવે છે?** **(5)**

અ.નિ. પોતાની આસપાસના માનવીય વિવિધતાના સ્વરૂપોને સમજે છે અને વર્ણવે છે.

**પ્રશ્ન – 5(અ) ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. – આ વિધાન સમજાવો.** **(3)**

**પ્રશ્ન – 5(બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.** **(2)**

(1) રાજસ્થાનના લોકો મરાઠી ભાષા બોલે છે.

(2) ભારતમાં ભાષા, ખોરાક, પોશાકમાં વિવિધતા જોવા મળે છે.

# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 6 | સામાજિક વિજ્ઞાન | તારીખ - 24/12/2021

સમય - 1 કલાક | કુલ ગુણ - 25

**પ્રશ્ન – 1** **નીચે 'અ' વિભાગની વિગતો 'બ' બિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.** **(5)**

| 'અ' | 'બ' |
|---|---|
| (1) ઇન્ડિકા | A. શેરશાહ સૂરી |
| (2) ગ્રાન્ડ ટ્રંક રોડ | B. ચાણક્ય |
| (3) સુદર્શન તળાવ | C. વિશાખદત |
| (4) અર્થશાસ્ત્ર | D. મેગેસ્થનીસ |
| (5) મુદ્રારાક્ષસ | E. સેલ્યુક્સ નિકેતર |
| | F. પુષ્યગુપ્ત |

**પ્રશ્ન–2** **પ્રશ્નોના જવાબ આપો.**

(1) મૌર્યયુગના વહીવટી તંત્રને કેટલા ભાગમાં વહેંચવામાં આવ્યું હતું ? કયા કયા ? (3)

(2) સમ્રાટ અશોકે ગૌતમબુદ્ધના કયા સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મૂક્યો હતો ? (2)

**પ્રશ્ન–3 (અ)** **આપેલ પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો.** **(3)**

(1) અશોકે પુત્ર મહેન્દ્રને બૌદ્ધ ધર્મના પ્રચાર માટે ક્યાં મોકલ્યા હતા ?

A. મ્યાનમાર    B. સિલોન    C. ઇજિપ્ત    D. સિરિયા

(2) સમ્રાટ અશોકના મોટાભાગના અભિલેખો કઇ લિપિમાં લખાયેલા છે ?

A. તમિલ    B. દેવનાગરી    C. બ્રાહ્મી    D. મલયાલમ

(3) મૌર્યયુગ દરમિયાન ખેતી વિભાગના વડાને કયા નામથી ઓળખવામાં આવતા હતા ?

A. સીતાધ્યક્ષ    B. પણ્યાધ્યક્ષ    C. સેનાની    D. મુદ્રાધ્યક્ષ

**પ્રશ્ન– 3 (બ)** **ચંદ્રગુપ્ત મૌર્યના જીવનકાળમાં ચાણક્યનો ફાળો જણાવો.** **(2)**

**પ્રશ્ન–4 (અ)** **નીચેની ખાલી જગ્યા પૂરો.** **(3)**

(1) જુનાગઢનો ગિરનાર પર્વત એ .............. પ્રકારનો પર્વત છે.

(2) બે જળવિસ્તારોને જોડતી સાંકડી જળપટ્ટીને .............. કહે છે.

(3) મહારાષ્ટ્રનો લાવાનો ઉચ્ચપ્રદેશ એ ---------------- પ્રકારનો ઉચ્ચપ્રદેશ છે.

**પ્રશ્ન– 4 (બ)** **પ્રશ્નોના જવાબ આપો.** **(2)**

(1) ટાપુ એટલે શું ?

(2) અખાત કોને કહેવાય ?

**પ્રશ્ન–5** **પ્રશ્નોના જવાબ આપો.**

(1) પર્વત એટલે શું ? તેના પ્રકાર જણાવો. (3)

(2) મેદાનોનું મહત્વ જણાવો. (2)

શિક્ષક માટેઃ

| પ્રશ્ન નંબર | અ.નિ .ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 થી 3 | SS612 | મહત્વના રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત. મહાજનપદોની શાસન વ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્તવંશના સિક્કાઓ, પલ્લવ વંશનાં રથમંદિરો. |
| 4 અને 5 | SS606 | ભારતના નક્શામાં સ્થાન, સીમા, વિસ્તાર, પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, નદીઓ, રણપ્રદેશો વગેરે જેવી ભૌગોલિક લાક્ષણિકતાઓ દર્શાવે છે. |

## સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- 6 | સામાજિક વિજ્ઞાન | તારીખ- 11/02/2022

સમય- 1 કલાક | કુલ ગુણ- 25

---

**પ્રશ્ન–1** **પ્રશ્નોના જવાબ આપો.**

(1) વિશ્વમાં સરકારના મુખ્ય પ્રકાર કેટલા છે ? કયા કયા ? (2)

(2) લોકશાહીના બે મૂલ્યો જણાવો. (2)

(3) ડાબેરી વિચારધારા એટલે શું? (1)

**પ્રશ્ન–2 (અ)** **ખાલી જગ્યા પૂરો.** (2)

(1) ભારતના શેક્સપિયર તરીકે .................. ને ઓળખવામાં આવે છે.

(2) શૂન્ય અને દશાંશ પદ્ધતિની શોધ ................... એ કરી હતી.

**પ્રશ્ન–2 (બ)** **મને ઓળખી, મારું નામ જણાવો.** (3)

(1) લોકો મને ગુપ્તવંશના સ્થાપક તરીકે ઓળખે છે. - ...........................

(2) મારા સમયમાં નાલંદા વિદ્યાપીઠની સ્થાપના થઇ હતી. - ....................


(3) મારા સમયમાં વાર્ષિક, ત્રિ-વાર્ષિક અને પંચવાર્ષિક જેવી વિશિષ્ટ ખેત પદ્ધતિઓ જોવા મળતી હતી. ..........................

**પ્રશ્ન–3** **નીચે આપેલ રાજાઓની સિદ્ધિઓ અને યોગદાન વિશે ટૂંકનોંધ લખો.** (5)

(1) સમ્રાટ વિક્રમાદિત્ય (2) સમ્રાટ હર્ષવર્ધન

**પ્રશ્ન–4 (અ)** **નક્શો એટલે શું ? તેના પ્રકાર જણાવો.** (3)

**પ્રશ્ન–4 (બ)** **નીચેની રૂઢ સંજ્ઞાઓની ઓળખ કરી તેનું નામ લખો.** (2)

(1)  (2) 

**પ્રશ્ન – 5** **પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં લખો.** (5)

(1) મેપા મુન્ડી મૂળ કઇ ભાષાનો શબ્દ છે ?

(2) કયા પ્રકારના નક્શામાં પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો વગેરે દર્શાવેલ હોય છે ?

(3) ભારતના લગભગ મધ્યમાંથી કયુ વૃત્ત પસાર થાય છે ?

(4) જમીનમાર્ગ દર્શાવવા નક્શામાં કયા રંગનો ઉપયોગ થાય છે ?

(5) તમે આથમતા સૂર્યની સામે મોં રાખીને ઉભા છો. તો તમારી જમણી બાજુએ કઇ દિશા હશે ?

શિક્ષક માટેઃ

| પ્રશ્ન ક્રમાંક | અ.નિ. ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | SS624 | સરકારના વિવિધ સ્તર સ્થાનિક, રાજ્ય અને સંઘને ઓળખે છે. |
| 2 અને 3 | SS612 | મહત્વનાં રાજ્યો તથા રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે. દા.ત. મહાજનપદોની શાસનવ્યવસ્થા, અશોકના શિલાલેખો, ગુપ્તવંશોના સિક્કાઓ,પલ્લવ વંશના રથમંદિરો. |
| 4 અને 5 | SS607 | દિશાઓ, પ્રમાણમાપ અને રૂઢ સંજ્ઞાઓનો ઉપયોગ કરી પોતાની આસપાસના પ્રદેશના નકશાઓ સમજે છે અને દોરે છે. |

## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણઃ 6 સામાજિક વિજ્ઞાન** **ઓક્ટોબર, 2021**

**સમયઃ 1 કલાક** **કુલ ગુણ: 25**

---

SS 601 તારા, ગ્રહો અને ઉપગ્રહો વચ્ચેનો તફાવત ઓળખે છે. દા.ત. સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર

**પ્રશ્ન 1** **તફાવત આપો.**

(1) સૂર્ય અને ચંદ્ર (2)

**(2)** તારા અને ગ્રહો (3)

SS 603 દિવસ-રાત અને ઋતુ પરિવર્તન દર્શાવે છે.

**પ્રશ્ન 2** **નીચેના પ્રશ્નના ઉત્તર લખો.**

(1) પૃથ્વીની દૈનિક ગતિને શું કહે છે? (1)

(2) કારણ આપો: પૃથ્વી પર રાત દિવસ લાંબા-ટૂંકા થાય છે. (2)

(3) દર ચાર વર્ષે લીપ વર્ષ શા માટે આવે છે? (2)

SS 609 ઐતિહાસિક અને સાહિત્યિક સ્રોતોને ઓળખી ઇતિહાસ પુનર્ગઠન માટે વિવિધ સ્રોતોના ઉપયોગનું વર્ણન કરે છે.

**પ્રશ્ન 3** **નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) તાડપત્ર અને ભોજપત્ર ઇતિહાસ જાણવા કઈ રીતે ઉપયોગી છે? (1)

(2) તામ્રપત્ર એટલે શું? ગુજરાતમાં તામ્રપત્રોનો સંગ્રહ કયાં સ્થળોએ કરવામાં આવેલ છે? (2)

(3) અભિલેખની સંકલ્પના સ્પષ્ટ કરી એક ઉદાહરણ આપો. (2)

SS 613 પ્રાચીન સમય દરમિયાનના વિકાસના તબક્કાઓ સમજી બે પ્રદેશના વિકાસની સરખામણી કરે છે. દા.ત. શિકાર-સંગ્રહ તબક્કો, ખેતીની શરૂઆતનો તબક્કો, સિંધુ સંસ્કૃતિનું પહેલું શહેર.

**પ્રશ્ન 4** **નીચેના પ્રશ્નના ઉત્તર લખો.**

(1) ભારતના પ્રાચીન ગામ મહેરગઢની વિશેષતાઓ જણાવો. (2)

(2) આદિમાનવોનાં વસવાટ સ્થળો પરથી શું જાણી શકાય છે? (2)

(3) પાષાણયુગ એટલે શું? (1)

SS 605 પૃથ્વીના ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ, રેખાંશ, ધ્રુવવૃત્ત, આવરણો, ભારતના પાડોશી દેશો, ભારતનાં રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે.

**પ્રશ્ન 5** **પૃથ્વીનો ગોળો દોરી તેના પર નીચેની વિગત દર્શાવો.** (5)

(1) મકરવૃત્ત (2) ઉત્તર ધ્રુવ (3) સમશીતોષ્ણ કટિબંધ (4) દક્ષિણ ધ્રુવવૃત્ત

(5) વિષુવવૃત્ત